ગાંધીનગર સમાચાર









**સ્ટેચ્યુ ઓફ યુનિટી** - સરદાર પટેલ જન્મજયંતિની વહેલી પ્રભાતે શહેરના સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની ૩૦ ફૂટ ઉંચી ભવ્ય પ્રતિમાનું અનાવરણ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનની ઉપસ્થિતિમાં તેજસ્વી બાળકો દ્વારા થયું તે પ્રસંગની તસવીરમાં મંત્રીમંડળના સભ્યો, નગરની શાળાઓના વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કાર્યક્રમની અભિવ્યક્તિની તસવીરી ઝલક **(તસવીર : દિપક જાની)**

# સ્વર્ણિમ પાર્કમાં લાઈટ એન્ડ સાઉન્ડ શૉ સપ્તાહના સાતેય દિવસ બતાવવા વિચારણા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના સ્વર્ણિમ પાર્કમાં સરદારના જીવન-કવનની વાતો કહેતો દશ્ય-શ્રાવ્યનો કાર્યક્રમ નિયમિત બતાવવા માટેની વિચારણા રાજ્ય સરકાર કરી રહી છે અને ટુંકમાં જ તે અંગેનો આખરી નિર્ણય લેવાઈ જશે તેમ રાજ્યના મુખ્ય સચિવ શ્રી જી.આર. અલોરિયાએ જણાવ્યું હતું. ગાંધીનગર સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીની રેપ્લીકાના અનાવરણ પ્રસંગે બોલતાં મુખ્ય સચિવશ્રી અલોરિયાએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી જે સ્થળે નિર્માણ થવા જઈ રહેલ છે ત્યાં રિસર્ચ માટેની પણ ખાસ સુવિધા હશે. આ ઉપરાંત સરદારના જીવનના વિવિધ પાસાઓ દર્શાવતુ પ્રદર્શન પણ રાખવામાં આવનાર છે.

તેમણે ગાંધીનગર, કરમસદ, નડિયાદ અને અમદાવાદને આવરી લેતી એક સરદાર સરકીટ તૈયાર કરવાના આયોજનનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સાધુબેટ ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. તેનો પણ સમાવેશ સરદાર સરકીટમાં કરાશે. ગાંધીનગર સ્વર્ણિમ પાર્કમાં આજે સરદારના જીવન-કવન અંગેના લાઈટ-સાઉન્ડ શૉ વિશે તેમણે કહ્યું હતું કે આજે અને આગામી સાત દિવસ સુધી તો આ શૉ ચાલુ રહેશે, પણ તેને રોજેરોજ બતાવવા અંગેની વિચારણા ચાલી રહી છે અને તે અંગે ટૂંકમાં જ નિર્ણય લેવાઈ જશે. આ રેપ્લીકા તૈયાર કરવામાં ૧૦ માસથી પણ વધુ સમય લાગ્યો છે અને આનાથી વધુ ભવ્ય મૂર્તિ સાધુબેટ ખાતે મુકવામાં આવનાર છે. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈ થયેલી કામગીરીની વિગતો પણ આપી હતી.

# સરદારની પ્રતિમા નિર્માણ કરનાર કલાકારો વિસરાયા

## સરદાર સાહેબ વિશે વકતવ્ય આપનાર વિદ્યાર્થીઓ અનાવરણ વિધિમાં સામેલ થયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના સ્વર્ણિમ પાર્કમાં સાડા નવ ટન વજન અને ૩૦ ફૂટની હાઈટ ધરાવતી સરદાર સાહેબની મૂર્તિનું નિર્માણ કરનાર રામ સુતાર અને અનિલ સુતારનો આજે પ્રતિમા અનાવરણ દરમ્યાન ઉલેલ્ખ સુદ્ધા ન થતાં ગણગણાટ થતો સાંભળવા મળ્યો હતો. રાજયના મુખ્ય સચિવશ્રી અને મુખ્યમંત્રીશ્રીના ઉદ્‌બોધનમાં ઉલ્લેખ થયો ન હોવાથી કલાજગતમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યું હતું. આ પ્રતિમાના અનાવરણમાં આ પ્રસંગે ત્રણ વિદ્યાર્થીઓ જેમણે સરદાર સાહેબ વિશેના વકતવ્ય આપ્યા હતા તેમનો સમાવેશ કરાતાં ઉપસ્થિત વાલીઓએ ગૌરવની લાગણી અનુભવી હતી.

# સ્વર્ણિમ પાર્કમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિનું અનાવરણ

ગાંધીનગર, તા. ૩૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સાડા છ કરોડ ગુજરાતીઓને ઊંચ-નીચ, નાતિ-જાતિના ભેદભાવથી ઉપર ઉઠી એક બની નેક બની રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થવાનું આહ્‌વાન કર્યું છે. ‘‘સૌના સાથ સૌના વિકાસ’’નો આજ માર્ગ છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

તેમણે આજે ૧૪૦મી સરદાર પટેલ જન્મજયંતિએ ગાંધીનગરમાં સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર સાહેબની ૩૦ ફૂટ ઊંચી ભવ્ય પ્રતિમાના સ્થાપન અવસરે આ પ્રેરક આહ્‌વાન કર્યું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના ઉપક્રમે આ પ્રતિમાનું અનાવરણ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં શાળાના બાળકોએ હર્ષોલ્લાસ વચ્ચે કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને અનેક વરિષ્ઠ નેતા-અગ્રણીઓએ તત્કાલિન યુગમાં આઝાદીની તમન્ના દેશવાસીઓમાં પ્રેરિત કરી હતી.

**સરદાર પટેલ જયંતિએ સાડા છ કરોડ ગુજરાતીઓને એક બની-નેક બની રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા મુખ્યમંત્રીનું આહ્‌વાન**

‘‘લાખો નરબંકાઓ - સ્વાતંત્ર્યવીરોના જોમ-જુસ્સા અને શહાદતથી મહામૂલી સ્વતંત્રતાની ભેટ આપણને મળી છે તેને યુગયુગાંતર સુધી અકબંધ રાખી ભારતનો વિશ્વમાં મહાન લોકશાહી-સુશાસનનું રાષ્ટ્ર બનાવવા હવે સૌએ રાષ્ટ્રદાયિત્વ નિભાવવાનું છે.’’ તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રીમતી આનંદીબહેને સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ, પરિણામ અને લક્ષ્યસિદ્ધિએ સમગ્ર રોમાંચકારી ઘટનાઓ-પ્રસંગોથી આજની પેઢી અને બાળકો સિંચિત

● અનુસંધાન પાન-૭ પર



**તિથી કેલેન્ડર** - હિંદુ સંસ્કૃતિમાં વિક્રમ સંવંતના શરૂ થતાં નૂતનવર્ષના પ્રારંભે તારીખ અને તિથીનું અનેરૂ મહત્વ રહેલું છે... દિવાળી બાદ શરૂ થતાં નવા વર્ષે ઘરમાં લગાવાતા તારીખ-તિથીવાળા રંગબેરંગી કેલેન્ડરનું વેચાણ પણ ધુમ થાય છે.... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# એસ.ટી. ડેપોમાં ૩૫ કંડકટરોની ઘટ

**ટુંકમાં નિમણુંક પણ આપી દેવાશે : ડેપોમાં કંડકટરની ઘટના લીધે બસ સેવા પ્રભાવિત : પસંદગી પ્રક્રિયા પુર્ણ પરંતુ હજુ સુધી નિમણુંક અપાઈ નથી**

ગાંધીનગર તા ૩૧

એસ ટી ડેપોમાં લાંબા સમયથી કંડકટરની ઘટનો પ્રશ્ન હજુ સુધી હલ થઈ શકયો નથી. એસ ટી નિગમ દ્વારા અગાઉ કંટકટરની ભરતી માટે પરિક્ષાના આધારે પસંદગી કરવામાં આવી હતી. પરંતુ ઉમેદવારોને હજુ સુધી નિમણુંક આપવામાં આવી નથી જેના પરિણામે ગાંધીનગર ડેપોમાં કંડકટરની ઘટ યથાવત છે. હાલની સ્થિતિએ ડેપોમાં ૩૫ કંડકટરની ઘટ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં ડ્રાઈવર કંટકટર તેમજ મિકેનીકની ઘટનો પ્રશ્ન લાંબા સમયથી છે. જો કે મોડેલ ડેપો બનાવવાની કાર્યયોજના અન્વયે હજુ આગળ કાંઈ શકયુ નથી. એસ ટી ડેપોમાં સલામતીના મામલે મીંડુ સર્જાયેલુ છે. જયારે કંડકટરની ઘટનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે. હાલની સ્થિતિએ ડેપોમાં ૩૫ કંડકટરની ઘટ છે. થોડા સમય અગાઉ એસ ટી નિગમ દ્વારા કંડકટરની ભરતી

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પિતાશ્રી **ભાનુશંકર ચંદુલાલ આચાર્ય**નું દુઃખદ અવસાન તા. ૨૯/૧૦/૨૦૧૫ને ગુરૂવારના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું રવિવાર તા. ૧/૧૧/૨૦૧૫ના રોજ સવારે ૯થી ૧૧** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : રાધા એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૧/૧, હરિનંદ ફ્લેટની બાજુમાં, વસંતકુંવરબા હાઈસ્કૂલની સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર

લી.

ભરત બી. આચાર્ય દિપક બી. આચાર્ય

આગામી દિપાવલીના તહેવારો માટે
ફેન્સી/ફ્રેશ ડ્રાયફ્રુટ બોક્ષ (૪૫ થી વધુ વેરાઈટીઝ)
વ્યાજબી ભાવે ઉપલબ્ધ
બલ્ક ખરીદી માટે એકવાર પધારી ભાવની ખાત્રી કરો
સંપર્ક : હેમાંગ ગાંધી (મો. ૯૩૭૭૭૨૩૧૬૪)
રૂષભ એન્ટરપ્રાઈઝ, સહજાનંદ કોમ્પલેક્ષ, ભોંયરામાં, સે.૩૦, ચાર રસ્તા પાસે, અક્ષરધામ રોડ, ફોન નં. ૦૭૯-૨૩૨૬૦૩૬૪
આજે : દિગંબર જૈન સમાજ વાડી, સે.૨૧ ખાતે યોજાયેલ દિવાલી શોપીંગ મેલામાં અમારા સ્ટોલની મુલાકાત લેવા વિનંતી.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડીયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
શ્રી ગાયત્રી વોચ કંપની
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, ગાંધીનગર. મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત ખાદી ૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં ૨૫ % વળતર
પરપ્રાંત ખાદી ૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં ૧૫ % વળતર
રેશમ ખાદી ૧૫ % વળતર
આજરોજ કેન્દ્ર ખાતે વેચાણ ચાલુ રહેશે
વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : તા. ૮/૧૧ને રવિવારે કેન્દ્ર ખાતે વેચાણ ચાલુ રહેશે.

આજે જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર આયોજિત
દિવાલી શોપીંગ મેલા
સે.૨૧, દિગંબર જૈન સમાજવાડી
સવારે ૯ થી સાંજે ૯
નગરજનોને અવશ્ય મુલાકાત લેવા વિનંતી.

મકાન વેચવાનું છે
૧૦૭, સર્વોદયનગર, ગુ.હા. બોર્ડ, સેક્ટર-૩૦, ગાંધીનગર
રૂબરૂ મળવાનો સમય
સોમથી શુક્ર સાંજે ૭ થી ૯
શનિ અને રવિ બપોરે ૩ થી ૮
ફોન : ૯૩૭૭૮ ૯૮૭૦૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com